દાવોસમાં મનસુખ માંડવિયા સાથે બિલ ગેટ્સે કરી મુલાકાત

ભારતના રસીકરણ અભિયાનની ભરપૂર પ્રશંસા : ટ્વીટમાં મનસુખ માંડવિયાએ લખ્યું, અમે સ્વાસ્થ્ય સેવા સાથે સંબંધિત વિષયોની વિસ્તૃત શ્રૃંખલા પર ચર્ચા કરી

નવી દિલ્હી, તા.૨૯

દાવોસમાં હાલ વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક ચાલી રહી હતી. જેમાં ભારત તરફથી પ્રતિનિધિત્વ કરી રહેલા ત્રણ કેન્દ્રિય મંત્રીઓ પીયૂષ ગોયલ, હરદીપ સિંહ પુરી અને મનસુખ માંડવિયાએ ભાગ લીધો હતો. આ દરમિયાન

માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સે સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયા સાથેની બેઠકમાં ભારતના રસીકરણ અભિયાનની ભરપૂર પ્રશંસા કરી હતી.

તમને જણાવી દઈએ કે, સ્વિત્ઝર્લેન્ડના દાવોસમાં પાંચ દિવસ ચાલેલી વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક સમાપ્ત થઈ ગઈ છે. કોવિડ-૧૯ મહામારીને કારણે લાદવામાં આવેલા નિયંત્રણોને કારણે ઉઈફ્લની વાર્ષિક બેઠક અઢી વર્ષ પછી યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં અનેક દેશોના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા.

સ્વાસ્થ્યમંત્રી મનસુખ માંડવિયાએ બિલ ગેટ્સની સાથે બેઠકની એક તસવીર ટ્વીટર પર શેર કરી છે અને લખ્યું છે કે, ઉઈફ્લ૨૨ પર બિલ ગેટ્સની સાથે વાતચીત કરીને આનંદ થયો. બિલ ગેટ્સે ભારતે કોરોના મહામારીના સમયગાળા દરમિયાન કરેલા કામો અને દેશમાં મોટા પાયે કોરોના રસીકરણના પ્રયાસોને વખાણ્યા હતા.

અન્ય એક ટ્વીટમાં મનસુખ માંડવિયાએ લખ્યું, અમે સ્વાસ્થ્ય સેવા સાથે સંબંધિત વિષયોની એક વિસ્તૃત શ્રૃંખલા પર ચર્ચા કરી, જેમાં ડિજિટલ સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા, રોગ નિયંત્રણ પ્રબંધન અને સસ્તી અને ગુણવતાયુકત તબીબી ઉપકરણોના વિકાસને મજબૂત બનાવવા જેવી ચીજો સામેલ છે.

દાવોસમાં આયોજિત થયેલી ડબલ્યૂઈએફના વાર્ષિક સંમેલનમાં ભારતમાંથી લગભગ ૧૦૦ વેપારી પ્રતિનિધિઓ અને ૧૦થી વધારે મંત્રીઓ અને મુખ્યમંત્રીઓએ હાજરી આપી. ભારતના સત્તાવાર પ્રતિનિધિમંડળની આગેવાની વાણિજ્ય અને ઉદ્યોગ મંક્ષી પિયૂષ ગોયલે કરી હતી. તેના સિવાય પેટ્રોલિયમ અને શહેરી આવાસ મંત્રી હરદીપ સિંહ પુરી અને સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ પણ આ સંમેલનમાં સામેલ થયા.

તેની સાથે કર્ણાટકના મુખ્યમંત્રી બીએસ બોમ્મઈ અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાઈ એસ જગનમોહન રેડ્ડીની સાથે બીજા ઘણા રાજ્યોના નેતાઓએ પણ બેઠકના અલગ અલગ સત્રમાં ભાગ લીધો.

સંમેલનમાં ભારતમાંથી લગભગ ૧૦૦ ઉદ્યોગપતિઓએ પણ ભાગ લીધો. જોકે, આ વખતે અમુક મોટા ચહેરાઓ સંમેલનમાં સામેલ થયા નથી, જે નિયમિત રૂપથી ભાગ લેતા હોય છે.

અમદાવાદ ખાતે આઈપીએલ-૨૦૨૨નો રંગારંગ સમાપન સમારોહ યોજાયો

ખોડલધામ ચેરમેન નરેશ પટેલ મંગળવારે કરશે મોટું એલાન

રાજનીતિમાં નહીં આવવાની જાહેરાત કરી શકે છે : મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે નામ જાહેર નહી કરાય તો કોંગ્રેસમાં સામેલ થવાના નિર્ણય પર પૂર્ણ વિરામ મુકી શકે

રાજકોટ, તા.૨૯

છેલ્લા ૩ મહિનાથી વધુ સમયથી ખોડલધામના ચેરમેન નરેશ પટેલના રાજકારણમાં જોડાવાની અટકળો ચાલી રહી છે પરંતુ ૩૧ મે એટલે કે મંગળવારના રોજ આ અટકળોનો અંત આવી શકે છે. મંગળવારના રોજ નરેશ પટેલ રાજનીતિમાં નહીં આવવાની જાહેરાત કરી શકે છે.

મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે નામ જાહેર નહી કરાય તો નરેશ પટેલ કોંગ્રેસમાં સામેલ થવાના નિર્ણય પર પૂર્ણ વિરામ મુકી શકે છે. નરેશભાઈને આગામી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો ઝસ્નો ચહેરો બનવું છે પરંતુ આવું ન થાય તો નરેશ પટેલ રાજકારણમાં નહીં જોડાય એ નક્કી જ છે. જો આમ ન ગોઠવાય તો નરેશભાઈ વડીલોના નામ આગળ કરી રાજકરણ પ્રવેશ નહિ કરે તેવી શકયતા છે. જો કે મોટા ભાગના યુવાનો કહે છે કે નરેશભાઈ પટેલે રાજકારણમાં જોડાવુ જોઈએ. થોડા દિવસ પહેલા નરેશભાઈએ મીડિયાને કહ્યું હતું કે આ મહિનાના અંત સુધીમાં જોડાશે કે નહીં તે જાહેર કરશે. જેથી ૩૧ તારીખ સુધીમાં નરેશભાઈ પટેલ મોટી જાહેરાત કરી શકે છે.

વિધાનસભા ચૂંટણીમાં નરેશ પટેલને કોંગ્રેસનો મુખ્યમંત્રીનો ચહેરો બનવું છે પરંતુ કોંગ્રેસ હાઈકમાન્ડ આ માટે રાજી નથી અને કહ્યું હતુ કે તમને પહેલા પાર્ટીમાં જોડાવ પછી આ મામલે વાતચીત કરીશું.

જોકે, સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, જો કોંગ્રેસ પોતાને મુખ્યમંત્રીના ચહેરા તરીકે જાહેર નહી કરે તો નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાશે નહી તેવી શકયતા છે. આવી સ્થિતિમાં સમાજ અને વડીલો ના પાડે છે એવું કહીને નરેશ પટેલ પક્ષમાં જોડાવાનો ઈનકાર કરી શકે છે.

ભારતમાં યુનિકોર્નની સદી પૂર્ણ, સ્ટાર્ટઅપ બન્યું નવા ભારતની ઓળખ : પ્રધાનમંત્રી

વડાપ્રધાન મોદી મન કી બાત દ્વારા દેશવાસીઓને સંબોધિત કર્યું : કેદારનાથમાં કેટલાક તીર્થયાત્રીઓ દ્વારા ફેલાવાતી ગંદકીથી પર મોદીએ કહ્યું આપણે યાત્રાએ જઈએ અને ત્યાં ગંદકીનો ઢગલો થાય, એ સારી વાત નથી

નવી દિલ્હી, તા.૨૯

પીએમ નરેન્દ્ર મોદી આજે સવારે ૧૧ વાગ્યે પોતાનો કાર્યક્રમ મન કી બાત દ્વારા દેશવાસીઓને સંબોધિત કર્યું હતું. દર મહિનાના છેલ્લા રવિવારે સવારે ૧૧ વાગ્યે ઓલ ઈન્ડિયા રેડિયો અને ડીડી ચેનલો પર પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમનો આ ૮૯મો એપિસોડ હતો. વડાપ્રધાન મોદીએ મન કી બાત કાર્યક્રમમાં સંબોધન કર્યું હતું. જેમાં તેમણે કહ્યું કે તાજેતરમાં દેશે એવી સિદ્ધિ મેળવી છે જે આપણા બધાને પ્રેરણા આપે છે. ક્રિકેટના મેદાન પર બેટ્સમેનની સદી સાંભળીને તમને ખુશી થશે, પરંતુ ભારતે બીજા મેદાનમાં પણ સદી ફટકારી છે. આ મહિનાની પમી તારીખે દેશમાં યુનિકોર્નની સંખ્યા ૧૦૦ પર પહોંચી ગઈ છે. યુનિકોર્ન એટલે કે ઓછામાં ઓછું સાડા સાત હજાર કરોડનું સ્ટાર્ટઅપ છે. આ

યુનિકોર્નનું કુલ મૂલ્ય ૨૫ લાખ કરોડ રૂપિયાથી વધુ છે. આ દરેક ભારતીય માટે ગર્વની વાત છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારતીય યુનિકોર્નનો વાર્ષિક વિકાસ દર યુએસએ, યુકે અને અન્ય ઘણા દેશો કરતા વધારે છે. આગામી સમયમાં તેમાં જોરદાર ઉછાળો આવશે તેવું પણ જાણકારોનું કહેવું છે. અમારા યુનિકોર્ન વિવિધ પ્રદેશોમાંથી છે. સ્ટાર્ટઅપ વિશ્વ નવા ભારતની ભાવનાને વેગ આપી રહ્યું છે. દેશમાં સ્ટાર્ટઅપ્સની સંખ્યા સતત વધી રહી છે.

પીએમ મોદીએ કહ્યું, 'ોડા દિવસો પહેલા મને એક એવી રસપ્રદ અને આકર્ષક વસ્તુ મળી, જે માં દેશવાસીઓની સર્જનાત્મકતા અને કલાત્મક પ્રતિભાનો રંગ ભરેલો છે. તમિલનાડુના તંજાવુરના એક સ્વ-સહાય જૂથ દ્વારા મને મોકલવામાં આવેલી આ અદ્ભૂત ભેટ છે. આ ભેટમાં ભારતીયતાની સુગંધ છે અને તે માતા-શક્તિના આશીર્વાદ - તેમના મારા પ્રત્યેના સ્નેહને પણ પ્રતિબિંબિત કરે છે. આ એક ખાસ તંજાવુર ડોલ છે, જેનેચેટેગ પણ મળ્યો છે. સ્થાનિક સંસ્કૃતિ સાથે જોડાયેલી આ ભેટ મને મોકલવા બદલ હું તંજાવુર સ્વ-સહાય જૂથનો વિશેષ આભાર માનું છું.'

પીએમ મોદીએ કહ્યું કે આપણી ઓળખ અલગ ભાષા અને ખોરાક છે. આ વિવિધતા આપણને એક રાષ્ટ્ર તરીકે એકજૂથ રાખે છે. આ દરમિયાન તેમણે મૂળ ઉત્તરાખંડમાં જોશીમઠની કલ્પનાનો ઉલ્લેખ કર્યો. પીએમે કહ્યું કે કલ્પના આજે તેની સખત મહેનતથી આપણા બધા માટે એક ઉદાહરણ બની ગઈ છે. તે પહેલા ટીવીથી પીડાતી હતી અને ત્રીજા ધોરણમાં તેની આંખોની રોશની ગુમાવી હતી. કલ્પનાએ હાલમાં જ કર્ણાટકમાં તેની ૧૦મીની પરીક્ષા પાસ કરી છે. આશ્ચર્યની વાત એ છે કે તેણે ૩ મહિનામાં કન્નડ ભાષા શીખી અને ૯૨ માર્ક્સ મેળવ્યા.

સિંહણ ગરમી લાગતા ફાટસર ગામમાં છાપરે જઈને નળિયાની ઠંડકમાં બેઠી

રાજકોટ, તા.૨૯

બળબળતો તાપ અને ગરમી માણસને જ લાગે તેવું નથી પશુ પંખીની સાથે સાથે જંગલના રાજા પણ ગરમીથી ત્રસ્ત છે અને ઠંડક મેળવવા માટે છેટ ગામમાં અંદર આવી જાય છે. આવી જ એક ઘટના દુનિયામાં એશિયાઈ સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગણાતા ગીરમાં બની છે. જ્યાં ઉનાળાની ગરમીથી થોડી રાહત મેળવવા માટે સિંહ

હવે બેબાકળાપણે ઠંડી જગ્યાઓ શોધી રહ્યા છે. ત્યારે આવી જ એક સિંહણ ગરમીથી ઠંડક શોધતી શુક્રવારની રાત્રે ગીર સોમનાથ જિલ્લાના એક ગામમાં કાચાના ઘરના નળિયા પર જઈ ચડી હતી અને આરામ ફરમાવી રહી હતી. જોકે જ્યારે ત્યાંથી પસાર થતા વ્યક્તિએ આ જોયું તો તેણે ઘરમાં રહેતા લોકોને ચેતવ્યા અને આસપાસમાં તો લોકોમાં ભયનો માહોલ વ્યાપી ગયો હતો.

વન વિભાગના જણાવ્યા અનુસાર, ગીર ગઢડા તાલુકાના ફાટસર ગામમાં એક રાહદારીએ રાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ સિંહણને લાલભાઈ મેસિયાના ઘરની માટીની છત પર આરામ કરતી જોઈ હતી. સિંહણ છત પર પહોંચવા માટે ૧૫ ફૂટ ચડી હતી. તેણે ઘરના માલિક સાથે અન્ય ગ્રામજનોને જાણ કરી અને ટૂંક સમયમાં જ ગભરાયેલા ગ્રામજનો છત પર મફત લાયન સફારી જોવા માટે ભેગા થયા! જો કે, સિંહણ માટીના નળિયાની ઠંડક અને ઠંડી પવનની લહેર વચ્ચે પોતાની જાતને ઠંડક આપવામાં એટલી તલ્લીન હતી કે તેને માણસોની આટલી હાજરીનો પણ કંઈ જ ફરક પડ્યો નહીં અને તે બિન્દાસ્ત બેઠી રહી.

આ ઘટના અંગે ગ્રામજનોએ વન વિભાગને જાણ કરી અને જસાધાર રેન્જની એક ટીમ સ્થળ પર પહોંચી ત્યાં સુધી સિંહણ એક રાજ્યની સમ્રાજ્ઞી હોય તેમ ગૌરવભેર એ જ જગ્યાએ બેઠી રહી હતી. વન અધિકારીઓ આવ્યા બાદ પહેલા તો તેમણે ગામના લોકોને દૂર કર્યા હતા પછી સિંહણને જંગલ

આખરે મહામહેનતે વન વિભાગના અધિકારીઓ સિંહણને જંગલ તરફ લઈ જવામાં સફળ થયા હતા

તરફના વિસ્તારમાં લઈ ગયા હતા. જે બાદ ગ્રામજનોમાં હાશકારાની લાગણી પ્રસરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ગીર સોમનાથ જિલ્લાના ગીર-ગઢડા તાલુકાના ફાટસર ગામે રહેતા લાલભાઈ ગોરધનભાઈ મેસિયાના નળિયાવાળા ઝૂંપડાની છત પર ગત રાત્રિના રોજ સિંહ આવી ચડ્યો હતો. સિંહ છત ઉપર બેસી આરામ ફરમાવતો હતો. એ સમયે ત્યાં નજીકથી કોઈ ગ્રામજન નીકળતાં તેનું ધ્યાન પડતાં ઘડીભર તે આશ્ચર્યચકિત થઈ ગયો હતો. બાદમાં ગ્રામજનોએ ઝૂંપડામાં રહેતા લાલભાઈને બહાર બોલાવી સિંહ તેમના ઝૂંપડાની છત પર હોવાનું જણાવતાં તરત જ અંદર રહેલા પરિવારના તમામ સભ્યો ડરના માર્યા બહાર દોડી આવ્યા હતા. આ વાત વાયુવેગે પ્રસરી જતાં સિંહ જોવા ગ્રામજનો એ વિસ્તારમાં દોડી આવ્યાં હતાં અને આ અંગે વન વિભાગને જાણ કરી હતી. જેથી સ્થળ પર દોડી આવેલા વનકર્મીઓએ સિંહને છત ઉપરથી નીચે ઉતારી જંગલ તરફ લઈ જવા તજવીજ હાથ ધરી હતી. આમ, એકાદ કલાક સુધી સિંહે છત પર બેસી આરામ ફરમાવ્યો હતો, એ સમયે ગ્રામજનોના જીવ તાળવે ચોંટી ગયા હતા.

કેરળમાં ચોમાસાએ સમયથી ૩ દિવસ પહેલા દસ્તક દીધી

મોનસૂનની રાહ જોઇ રહેલાની આતુરતાનો અંત : ખેડૂતોથી લઇને સરકાર બધા મોનસૂનની રાહ જોઈ રહ્યા હોય છે, કારણ કે ૬૫ ટકા ખેતી વરસાદ આધારિત છે

નવી દિલ્હી, તા.૨૯

મોનસૂનની રાહ જોઇ રહેલા લોકોની આતુરતાનો અંત આવ્યો છે. મોસમ વિભાગના મતે દક્ષિણી-પશ્ચિમી મોનસૂને દેશમાં દસ્તક આપી દીધી છે.

રવિવારે મોસમ વિભાગે તેની પૃષ્ટી કરી છે. મોસમ વિભાગે ટ્વિટ કરીને જણાવ્યું કે સામાન્ય રીતે દક્ષિણ-પશ્ચિમી મોનસૂન ૧ જૂને દેશમાં આવે છે જોકે આ વખતે ૨૯ મે ના રોજ દસ્તક દીધી છે. આ પ્રકારે ચોમાસું ત્રણ દિવસ પહેલા કેરળમાં પહોંચ્યું છે. આઈએમડીએ એક પખવાડિયા પહેલા બંગાળની ખાડીમાં આવેલા ચક્રવાત અસાનીના આધારે પૂર્વાનુમાન હતું કે આ વખતે દક્ષિણ-પશ્ચિમ મોસમ ૨૭ મે ના રોજ કેરળ તટથી ટકરાઈ શકે છે.

ખેડૂતોથી લઈને સરકાર બધા મોનસૂનની આતુરતાથી રાહ જોઈ રહ્યા હોય છે. કારણ કે દેશની લગભગ ૬૫ ટકા ખેતી વરસાદ આધારિત છે. જ્યાં સિંચાઈની વ્યવસ્થા છે ત્યાં પણ વરસાદની જરૂરિયાત છે. પુરતા પ્રમાણમાં વરસાદ ન થવાથી નદીઓ, તળાવોમાં પાણીની અછત રહે છે. આ વખતે મોનસૂનની એટલા માટે પણ આતુરતાથી રાહ જોવા રહી છે કારણ કે પ્રી-મોનસૂન વરસાદ અંદાજથી ઓછો થયો છે.

દેશના ઉત્તર-પશ્ચિમી વિસ્તારમાં ૬૬ ટકા ઓછો વરસાદ થયો છે. મધ્ય ભારતમાં આ આંકડો ૩૯ ટકા રહ્યો.

આ વખતે ગરમીએ પણ સમય પહેલા પોતાનું રોદ્ર સ્વરૂપ દેખાડવાનું શરુ કર્યું હતું. જેના કારણે માર્ચથી જ લૂ ની શરૂઆત થઈ ગઈ હતી. માર્ચમાં આ વખતે એટલી ગરમી પડી કે ૧૨૨ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. આટલી ગરમીના કારણે પાક ઉપર પણ ખરાબ અસર પડી છે. ૨૦૧૮ પછી આ પ્રથમ વખત બન્યું છે જ્યારે દેશમાં મોનસૂને ૨૯ મે રોજ દસ્તક દીધી છે.

લાઈનમાં ગાબડું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના લીધે સેકટરવાસીઓની સમસ્યા વધુ પેચીદી બને છે. શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે તંત્ર કક્ષાએથી નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરાયુ છે. ત્યારે નગરજનોને પાણીની સુવિધા અગાઉ કરતા વધુ સારી મળશે પરંતુ નવી લાઈન નાંખવાનુ કામ જે પોકેટમાં હાથ ધરવામાં આવે તેવા વિસ્તરમાં યોગ્ય અભ્યાસ હાથ ધરી ખોદકામ થાય તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સરગાસણમાં પણ આવી જ સ્થિતિ થઈ છે. આજે પાણીની લાઈન નાંખવા હાથ ધરાયેલી ખોદકામગીરી દરમિયાન રેડિયન્ટ રેસિડન્સી સહીતના વિસતારમાં આજે ગેસ અને વિજળીની લાઈન ડિસ્ટર્બ થતા સ્થાનિકો તોબા પોકારી ગયા હતા. તંત્ર દ્વારા ભૌગોલિક સ્થિતિનો યોગ્ય અભ્યાસ કરીને નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવે તે પણ અનિવાર્ય છે. આગામી સમયમાં વરસાદી દિવસો શરૂ થશે ત્યારે ખોદકામનુ કામ વધુ જોખમી પુરવાર થશે.

નવી ફેન્સીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે-૩ અને સે-૮ માં તેમજ સે-૨૮ સહીતના વિસ્તારમાં વનતંત્ર દ્વારા ફેન્સીંગ કરવામાં આવી છે. જયારે નવી ફેન્સીંગના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૨૦ લાખનો ખર્ચ કરાયો છે. શહેરમાં હાલ વન વિસ્તારમાં મોટાભાગના ઠેકાણે તુટેલી ફેન્સીંગના લીધે આખો વન આરક્ષિત વિસ્તાર ખુલ્લો થઈ ગયો છે. જેના લીધે વનવિભાગની રીઝર્વ જગ્યાનો પણ કોઈ અર્થ સરતો નથી. દિનપ્રતિદિન આ વિસ્તારમાં સમસ્યાઓનો ઢગ ખડકાઈ રહ્યો છે. ત્યારે શહેરના સેકટરોમાં અન્ય ઠેકાણે પણ વનતંત્ર દ્વારા ફેન્સીંગનુ કામ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે. વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણીની સાથે આગામી વરસાદી દિવસોને ધ્યાનમાં રાખીને સેકટરો તેમજ શહેરના મુખ્યમાર્ગો આસપાસ ટ્રીમીંગની કામગીરી પણ યોગ્ય રીતે કરવામાં આવે તે અનિવાર્ય છે.

પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ટમટમતા રહે છે..આટલો આશાવાદ પણ કમ નથી..આવા લોકો છે એટલે જ આપણને ખબર પડે છે કે સાચી જિંદગી કેવી હોઈ શકે. આપણી આસપાસ અસંખ્ય લોકો એવા પણ છે જે સ્વાર્થ કે સંકુચિતતાથી દૂર રહી બીજાના સુખ માટે જીવતા રહે છે. આવા પારમાર્થિક માણસો જગતનું સાચું પ્રતિનિધિત્વ કરે છે..એની સામે બહારથી ઠાવકા અને મિલનસાર લાગતા લોકો અન્યને પાડવા માટે કે એનો ઉપહાસ કરવા માટે જાણે તત્પર હોય છે..પોતાને પાટુ મારવી એ આવા મિલનસાર લોકોને ગમે છે..જો ચાલતાં ચાલતાં તમને ઠોકર વાગે અને તમે લથડિયું ખાઈ જાઓ તો ચારેતરફથી ઉપહાસ કરનારા મળી રહેશે..જો પડી ગયા તો હાસ્યની છોળો ઉડશે..અને જો પડયા જ રહેશો તો લોકો ઉપર થઈને ચાલવાનું શરૂ કરી દેશે...આ દસ્તૂર હોય છે દુનિયાનો..અને એટલે જ જયારે ઠોકર વાગે ત્યારે માણસે જાતે જ ઉભા થઈ જવાનું હોય છે.ચહેરા ઉપર મક્કમતા અને સ્મિત જાળવી રાખવામાં હોય છે..આવા સમયે માણસાઈની મોટી વાતો કરનારા ગાયબ થઈ જતા હોય છે..

માણસ એ આમ જોઈએ તો એક પ્રાણી જ છે. અન્ય પ્રાણીઓ અને એની વચ્ચે પાયાનો ફરક એ એની સંવેદના છે..આપણી પાસે બીજું એવું પણ ઘણું છે જે અન્ય પ્રાણીઓ પાસે નથી. જેમ કે માણસ પાસે બુદ્ધિ છે..જિજ્ઞાસા પણ છે..એની પાસે આસ્થા અને શ્રધ્ધાના મજબૂત આધારો છે.વિવેક અને અન્ય માટેની સહાનુભૂતિ પણ હોય છે..આ બધા કરતાં પણ એની પાસે જે વિશેષ શકિત છે એ છે એની ક્ષમા આપવાની વૃત્તિ..માણસ ધારે તો કોઈપણ અન્યાય કે ઈડવિશને ભૂલી નવેસરથી શરૂઆત કરી શકે છે..આવા ગુણો જો સતત વિકસતા રહે તો જગતના બાગમાં માણસાઈના મનભાવન છોડ વિકસતા જ રહે છે..જગતમાં જે કંઈ અંધકાર છે એની સામે સારપના દિવડાઓનો ઉજાસ નવી દિશાઓ બતાવતો રહે છે...

કાયદો અને કાનૂન

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ધારા કલમ-૭૦(૧) માં ફેરફાર કરી ૨૫ ટકા પ્રિમીયમ ભરવાથી ખેતી માટે જમીનના રેકર્ડમાંથી નવી શરત દૂર કરવામાં આવશે ખરીદનારને લાભ થશે અને રેવન્યુ રાહે ચાલતા કેસોનો નિકાલ થશે.

ઉપરોકત સુધારા જે-તે સમયે સરકારે ગુજરાત હાઈકોર્ટમાં ચાલતી પીટીશનમાં સરકાર પ્રિમીયમ લેવા સંમત છે કે કેમ? તે અંગે નામદાર જજે પૂછતા આવી કોઈ જોગવાઈ હાલમાં ના હોય સરકારે ગણોત કાયદામાં સુધારો કરેલ, જેની અમલવારી હાલની સરકાર કરવા જઈ રહી છે. જેનો લાભ ગુજરાતમાં ઘણા બધા લોકોને થતાં પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનો પ્રિમિયમ લઈ સરકાર રેગ્યુલાઈઝ કરશે. જેથી આવનાર સમયમાં જમીનમાં ચોક્કસ તેજી આવશે.

● મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧, info@trivediassociates.in